જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૧/૨૦૨૪ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૭૦/૨૦૨૪

કૃષ્ણનગરઃ ભરત લક્ષ્મણદાસ તેજનાની (ઉ.વ.૩૨) (રહે. શિલ્પ ગ્રામ સોસાયટી નાના ચિલોડા) તા.૧૩/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે સૈજપુર ટાવર કર્ણાવતી હોસ્પીટલ જી.ડી.સ્કુલ રોડ હનુમાન મંદિર નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ભરત તેજનાનીના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૩૨,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભરત તેજનાનીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૭૧/૨૦૨૪

**વાડજઃ** જુના વાડજ સોરાબજી કંમ્પાઉન્ડ સૂર્યલોક ટાવરની બાજુમાં ઠક્કરબાપા નગર સોસાયટી કલ્યાણજીની ચાલીમાં રહેતા ધર્મેશભાઈ બળવંતભાઈ વાઘેલા (ઉ.વ.૩૬) ની બાર વર્ષની પુત્રી ધૃવી એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**ચાંદખેડાઃ** જગદીશચંદ્ર બાલુરામ ગુર્જર (ઉ.વ.૨૯) (રહે. ચાંમુડા કાફે અનન્યા હોટલની બાજુમા ત્રાગડ ટોલ પ્લાઝા ઝુંડાલ સર્કલ પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૪ બપોરના ૧/૩૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંમુડા કાફેની અંદર આવેલ રૂમમાં છતની લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

**સાબરમતીઃ** સીતારામ ઉર્ફે સોનુ રામબાબુ રાઠોડ (ઉ.વ.૩૨) (રહે. મેલડીનગર સરસ્વતિનગર પાસે ન્યુ-રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનસુખભાઇ દેવાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** જીતુભાઈ સુદરજીભાઈ ગોહેલ (ઉ.વ.૪૯) (રહે. મનહરનગર વિભાગ-૨ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૧/૨૦૨૪ કલાક ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ જગતસિહ ચલાવે છે.

**રામોલઃ** રાજેશકુમાર જયંતિભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. ઓમઓફર્ડ ઓમ સર્કલ પાસે રીલાયસન્સ પેટ્રોલ પંપ પાછળ વસ્ત્રાલ) એ અગ્મ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૪ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લાયસન્સવાળી રિવોલ્વરથી પોતાની જાતે પોતાના માથાના ભાગે ગોળી મારી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી